647510 **BA02GujC104B** **Seat No :________**

## B.A. Semester - 2 (*CBCS*) Examination
## March/April -2019 (New Course)
## GUJARATI P4: GUJARATI VYAKARAN SARJAN LEKHAN KAUSHAL-2(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો: (૧૪)

"નિષ્ફળતા એ આપણા સૌના જીવનનું એક અનિવાર્ય અંગ છે. કોઈને તેનો સામનો વહેલો કરવો પડે, તો કોઈને મોડો. કોઈને પાછો કરવો પડે, તો કોઈને વધારે કરવો પડે. જેણે નિષ્ફળતાનો બિલકુલ સામનો કર્યો જ ન હોય એવી એક પણ સફળ વ્યક્તિ આપણને મળશે નહિ. જીવનના ગમે તે ક્ષેત્રમાં આપણે હોઈએ: આગળ ચાલ્યા વિના તો રહી શકતા જ નથી. સમયની સાથે તો રહેવું જ પડે છે. એટલે આગળ પણ ચાલવું જ પડે અને એટલે ઘણી વાર પાછું પડવું પડે એવું પણ બંને, પરંતુ એવું આપણને ગમતું નથી, સફળતા ગમે છે, પણ નિષ્ફળતા ગમતી નથી. બંને એક સિક્કાની બે બાજુ છે."

- અજ્ઞાત

અથવા

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો.

"સુખ એક ધુંધળી વસ્તુ છે. એ કોઈ નક્કર ચીજ નથી, કે જેને આપણે પકડી શકીએ, ખરીદી શકીએ કે અન્યને સ્પષ્ટ રીતે નિર્દેશ કરી શકીએ. એ તો માત્ર એક ભાવવાચક નામ છે. એને પામવા માટે માણસ જિંદગીભર વલખાં મારે છે, છતાં મોટે ભાગે તે મૃગજળની માફક આગળ ને આગળ જતું દેખાયા કરે છે. હકીકતમાં તો જેટલી ક્ષણો માનવી દુ:ખને ભૂલી શકે, એટલી જ ક્ષણો સુખમય હોય છે."

- અજ્ઞાત

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું ત્રીજા ભાગમાં સંક્ષેપીકરણ કરી, તેને યોગ્ય શીર્ષક આપો. (૧૪)

"કાવ્ય અને શાસ્ત્ર બંને શબ્દાર્થરૂપે હોવા છતાં, બંનેમાં શબ્દાર્થનું કાર્ય જૂદું જૂદું હોય છે. કાવ્યમાં વાચ્યાર્થ, રસ અને વાચક એ ત્રણનો સંબંધ હોય છે, અને એ પ્રમાણે કાવ્યમાં વપરાયેલા શબ્દની શક્તિના ત્રણ અંશો હોય છે. વાચ્યાર્થની દ્રષ્ટિ એ શબ્દમાં અભિધાયકત્વ એટલે કે અભિધા વ્યાપાર હોય છે. સહૃદયની દ્રષ્ટિએ શબ્દમાં ભોગકૃત્વ એટલે કે ભૌગીકરણ વ્યાપાર હોય છે. વળી, કાવ્યમાના શબ્દની અભિધાશક્તિ પણ શાસ્ત્રાદિમાં વપરાયેલા શબ્દની અભિધાશક્તિ જેવી શુદ્ધ નથી હોતી. તેમાં ભાવના અને ભોગીકરણ એ બે વૃત્તિઓનું મિશ્રણ હોય છે. એમ જો ન માનીએ તો કાવ્યમાં અને શાસ્ત્રમાં શબ્દશક્તિ સમાન માનવાની ગેરસમજ થાય. વાસ્તવમાં બંનેમાં શબ્દશક્તિ ભિન્ન ભિન્ન છે. સમાન નથી, માટે એક કાવ્ય છે અને બીજું શાસ્ત્ર છે."

ભટ્ટ નાયક

અથવા

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું $^{૧}/_{3}$ ભાગમાં સંક્ષેપીકરણ કરો અને તેને યોગ્ય શીર્ષક આપો.

"કુદરત માણસને જીવન બક્ષે છે. એ જીવનને શુદ્ધ, સમૃદ્ધ, પ્રસન્ન, ગંભીર અને વૈવિધ્યપૂર્ણ બનાવવાના પ્રયત્નમાં માણસે સંસ્કૃતિ ખિલવી. પથ્થરમાંથી જેમ મૂર્તિ બનાવીએ છીએ, ધ્વનિમાંથી સંગીત ઉપજાવીએ છીએ, ઘર્ષણમાંથી જેમ જવાળા સળગાવીએ છીએ, તેમજ જીવનમાંથી સંસ્કૃતિ ખિલવીએ છીએ. જીવન એ પ્રકૃતિ છે. સંસ્કૃતિ એ એનો ઓપ છે. જીવન જો સંસ્કારિતાનો ઓપ ધારણ ન કરે તો એ પરિપુષ્ટ છતાં કૃતાર્થ થઈ ન શકે અને સંસ્કૃતિ જો જીવનને વફાદાર ન રહે તો પોલા-પણું આવે, એટલું જ નહિ પણ વિકૃતિ પેદા થઈને દુર્ગંધ જ છૂટે. જીવન જો ધરતી હોય તો સંસ્કૃતિ એનું સ્વર્ગ છે. એ બે વચ્ચે જો અનુસંધાન ન સધાય તો બંન્ને વ્યર્થ થઈ જાય.

- સુંદરમ

પ્રશ્ન-૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામ ચિહ્નોનો ઉપયોગ કરી ગદ્યખંડ ફરીથી લખો. (૧૪)

નાનાભાઈએ એમની રીતે મને પૂછયું તમારી બા મોટી ઉંમરનાં હતાં હા જો કે બહુ મોટી ઉંમરના તો નહિ પણ ખાસ નાનાં તો ન જ કહેવાય તમે એમની પાસે જ રહેતા હા ચોવીસે કલાક હું જ એમની ચાકરી કરતો મારે બીજું કશું કામ જ નહોતું ભાઈ અહીં નોકરી કરે છે હું બા પાસે જ રહેતો સામે નાનાભાઈ જાણે અહોભાવથી તાકી રહયા એમની આંખોમાં આશ્ચર્યની થોડી રેખાઓ પણ ચમકી ગઈ એમણે કહ્યું ત્યારે તો તમારી બા ભાગ્યશાળી ગણાય

અથવા

પ્રશ્ન-૩ સમાસ એટલે શું? સમજાવી, નીચેનામાંથી કોઈપણ બે સમાસરચના વિશે સદ્રષ્ટાંત નોંધ લખો.

(1) તત્પુરુષ સમાસ (2) કર્મધારય સમાસ (3) ઉપપદ સમાસ

પ્રશ્ન-૪ નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી, એનો વાક્યરચનામાં પ્રયોગ કરો. (૧૪)

(1) બિલ્લીપગે ચાલવું. (2) ગૂઠા ભાંગી જવા. (3) ફૂવો – હવાડો કરવો.

(4) રૂવાડુંય ન ફરકવું. (5) મનમાં ગાંઠ પડવી. (6) તળે ઉપર આવવું

(7) પીઠ પાછળ ઘા કરવો.

અથવા

પ્રશ્ન-૪ નીચેની કહેવતોના અર્થ જણાવી, તેને વાક્યમાં પ્રયોજો.

(1) 'કજીયાનું મોં કાળું'. (2) 'ચોર કોટવાળને દંડે'.

(3) 'ચમત્કાર ત્યાં નમસ્કાર'. (4) 'અલ્લાહ દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ.'

(5) 'વાવે તેવું લણે.' (6) 'એક ઘા ને બે કટકા'.

(7) 'સૂંઠના ગાંગડે ગાંધી'.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ બે ના જવાબ આપો. (૧૪)

(1) દ્વન્દ્વ સમાસ એટલે શું? સમજાવી, પાંચ ઉદાહરણ આપો.

(2) મધ્યમપદલોપી સમાસ વિશે જણાવી પાંચ ઉદાહરણ આપો.

(3) કોઈપણ સાત કહેવતો જણાવો.

(4) રૂઢિપ્રયોગ એટલે શું? જણાવી, પાંચ ઉદાહરણ આપો.

************************************